સુવિચાર : બૂરાઇ કરવાની તકો તો દિવસમાં સો વખત આવે છે, પણ ભલાઇ કરવાની તક વર્ષમાં ફક્ત એક જ વખત આવે છે - ડો. ચંદ્રકાન્ત મહેતા

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૪૪ | ૨૪ એપ્રિલ, ૨૦૧૫, શુક્રવાર ; વૈશાખ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



ગજેન્દ્રસિંહની આત્મહત્યા મુદ્દે સંસદમાં હોબાળો Page-6

# હવે, શહેરમાં બજાર રાત્રે પણ ધમધમશે

## રાત્રે ૧૧ વાગે લારી ગલ્લા અને દુકાનો બંધ નહીં કરાવવા રેન્જ આઈજીપીનો આદેશ : વેપાર-ધંધા બંધ કરાવી દેવા પડે તે અસુરક્ષિત જિલ્લાની નિશાની છે : હસમુખ પટેલ : આઈજીપીના મહત્વપુર્ણ નિર્ણયથી વેપારીઓ સહિત નગરજનોમાં આનંદ

ગાંધીનગર, તા.૨૩

રાત્રે ૧૧ વાગ્યાના ટકોરે પોલીસ ડંડા લઈને શહેરમાં લારી ગલ્લાઓ તથા દુકાનો બંધ કરાવવા નીકળી પડતી હતી અને વેપારધંધા બંધ કરાવીને જિલ્લો સલામત હોવાનો દાવો કરતી હતી. આ તર્કને અયોગ્ય ગણીને રેન્જ આઈજીપી હસમુખ પટેલે મહત્વનો નિર્ણય લઈ રેન્જના ચારેય જિલ્લા ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા અને અરવલ્લીની પોલીસને રાત્રે ૧૧ વાગે વેપાર-ધંધા બંધ નહીં કરાવવા આદેશ જારી કર્યો છે. રાત્રીના સમયે દુકાનો બંધ કરાવવી પડે તે અસુરક્ષિત જિલ્લાની નિશાની હોવાનું માની રેન્જ આઈજીપી હસમુખ પટેલે વેપાર ધંધા બંધ નહીં કરાવવા આદેશ કર્યો છે. જો કે અસામાજીક તત્વો જો લારી ગલ્લાઓ પર કોઈ ગુનાહીત પ્રવૃત્તિઓ કરતા નજરે ચઢશે તો તેમની સામે પણ સખત પગલા લેતા પોલીસ અચકાશે નહીં...!

રાત્રીના સમયે અસામાજીક તત્વો લારી ગલ્લાઓ કે દુકાન-હોટલો પર ચા નાસ્તા કરીને ગુનાહીત પ્રવૃત્તિઓ આચરવા આ સ્થળોએ ભેગા થતા હોવાનું તર્ક વાપરીને રાત્રે ૧૧ વાગ્યાનાં ટકોરે પોલીસ દુકાનો તથા લારી ગલ્લાઓ બંધ કરાવી દેતી હતી. જેને પગલે વેપારીઓ તો ઠીક પરંતુ નગરજનોને પણ રાત્રે અગવડ પડતી હતી તે ઉપરાંત દુકાનો બંધ કરાવતી વખતે પોલીસ દ્વારા ગેરવર્તન કરવાની તથા પોતાની મનપસંદ દુકાનો ચાલુ રખાવીને તેમને વધુ ધંધો મળે તેવો પ્રયાસ થતો હોવાના આક્ષેપો પણ થતા હતાં. રેન્જ આઈજીપી હસમુખ પટેલ ઉપરોકત તર્કને અયોગ્ય ગણીને જણાવે છે કે જો ગુનેગારો રાત્રીના સમયે આવી જગ્યાઓ પર આવી ગુનો કરવા જતા હોય તો તેમને સહેલાઈથી પકડી શકાય છે. બજાર ખુલ્લા હોય તો ગુનાખોરી ઘટે...! તે ઉપરાંત દુકાનો રાત્રીના સમયે ચાલુ હોય અને નગરજનો કોઈ ડર વિના નિર્ભય બનીને શહેરમાં હરી ફરી શકે તે જ સમાજમાં સુરક્ષાની નિશાની છે

● અનુસંધાન પાન-૭ પર



ઝાડ પર સાઈકલ - અનોખું દશ્ય પાટનગરના લીલાછમ નગરનું... ઉર્જા બચત માટે અઠવાડિયામાં એક વખત સાઈકલ ચલાવવાનો પ્રચાર-પ્રસાર પૂરજોશમાં ચાલે છે ત્યારે પર્યાવરણના પ્રતિકસમા વૃક્ષ પર સાઈકલને પ્રતિકાત્મક રીતે ગોઠવી નવો સંદેશો આપવાનો પ્રયાસ છે... વૃક્ષ બચાવો, વૃક્ષ વાવો અને સાથેસાથે ઉર્જા બચાવવા લોકજાગૃતિ અનિવાર્ય હોવાનું આ દશ્યએ નગરમાં ચર્ચા જગાવી છે.... (તસવીર : કશ્યપ નિમાવત)




# મુખ્યમંત્રીના અગ્ર સચિવ તરીકે એસ. અર્પણા

## ઉદ્યોગ-ખાણ ખનીજના અધિક મુખ્ય સચિવ તરીકે અરવિંદ અગ્રવાલ : મનોજ અગ્રવાલ ખનિજ વિકાસ નિગમમાં મુકાયા : અતનુ ચક્રવર્તીને જીએસપીસીનો હવાલો સોંપાયો

ગાંધીનગર, તા. ૨૩

રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના અગ્રસચિવ તરીકે રાજય સરકારે નાણાં વિભાગના અગ્રસચિવ તરીકે ફરજો બજાવતા અને સુરતના પૂર્વ કમિશનર સુશ્રી એસ. અર્પણાની નિમણુંક કરી છે.

૧૯૮૮ની બેચના સનદી અધિકારી સુશ્રી એસ. અર્પણા સુરત મહાનગરપાલિકાના પૂર્વ કમિશનર તરીકે સેવાઓ આપી ચુક્યા છે. આ ઉપરાંત સરકારના જુદા જુદા વિભાગોમાં તથા કલેક્ટર તરીકે પણ સેવાઓ બજાવી ચુક્યા છે.

નાણાંકીય શિસ્તના અત્યંત આગ્રહી સુશ્રી અર્પણા છેલ્લા ઘણા સમયથી રાજ્યના નાણાં વિભાગમાં બજેટ સહિતની અતિ સંવેદનશીલ બાબતોનો હવાલો સંભાળતા હતા.

મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયમાં પ્રથમ મહિલા અધિકારી તરીકે નિયુક્તી થઈ છે.

● અનુસંધાન પાન-૭ પર



શ્રી બિરેન્દર સિંહ
માનનીય પંચાયતી રાજ મંત્રીશ્રી



શ્રી નરેન્દ્ર મોદી
પ્રધાનમંત્રીશ્રી



શ્રી નિહાલ ચંદ
માનનીય પંચાયતી રાજ રાજ્યમંત્રીશ્રી



તમારા ગામના હિતમાં
દરેક નિર્ણયમાં સામેલ થાઓ.
ગ્રામસભામાં સામેલ થાઓ.

રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ
24 એપ્રિલ, 2015

જો આપણે પંચાયતી રાજ અર્થાત વાસ્તવિક લોકતંત્રના આપણા સ્વપ્નને સાકાર કરી લઈએ છીએ, તો આપણે સૌથી સાધારણ તથા મૂળ સ્તરના ભારતીયોને દેશના સૌથી પ્રભાવશાળી વ્યક્તિની સમકક્ષ માનીને ભારતના શાસકની જેમ સન્માન આપી શકીશું.

(હરિજન, જાન્યુઆરી 1948)

ગ્રામસભાનું આયોજન કરી, દરેક ગામમાં સ્વચ્છતા, મહિલા સશક્તિકરણ, વિકાસ અને સુશાસનનો પાયો નાંખો.



આ પ્રસંગે, દેશભરમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવાવાળી ગ્રામ પંચાયતોને પંચાયત સશક્તિકરણ પુરસ્કાર ૨૦૧૫ અને ગ્રામ સભાઓને રાષ્ટ્રીય ગૌરવ ગ્રામસભા પુરસ્કાર ૨૦૧૫થી સન્માનવામાં આવશે

davp 30101/13/0001/1516

सत्यमेव जयते

પંચાયતી રાજ મંત્રાલય
ભારત સરકાર
www.panchayat.gov.in

પંચાયતી રાજ